# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આંબેડકર ચેરમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓનો પ્રવેશ

રાજકોટ : ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત બાબાસાહેબ ડો.બી.આર. આંબેડકર ચેરમાં ૬ મહિનાનો બે પ્રમાણપત્રીય અભ્યાસક્રમ ડો.આંબેડકરજીનું જીવન અને દર્શન તથા ભારતીય બંધારણમાં માનવ અધિકારો અને ફરજો ચાલી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.ગીરીશ ભીમાણીના અધ્યક્ષ સ્થાને આ બન્ને અભ્યાસક્રમોમાં પ્રવેશ લેનારા ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ યોજવામાં આવ્યો હતો.આ વર્ષથી ચેર સેન્ટર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી કે.એસ.એન.કણસાગરા મહિલા કોલેજ, માતૃમંદિર કોલેજ તથા હરિવંદન કોલેજ ખાતે બન્ને અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

કાર્યક્રમ સફળ બનાવવામાં ચેરના ચેરમેન, પ્રો. રાજા એન . કાથડના માર્ગદર્શનમાં ચેર - સેન્ટરના સંશોધન અધિકારી ડો . રવિ બી . ધાનાણી, અધ્યાપકો ડો.આર.બી. સોલંકી, ડો. કાંતિલાલ જી. કાથડ તથા ડો.મૂકેશ ચૌહાણ , મિલન વઘેરા તેમજ રમીલાબહેન જી . વાઢેર અર્થશાસ્ત્ર ભવનના પ્રકાશભાઈ મહેતા આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત હતી. કાર્યક્રમાં વિવિધ કોલેજ અને ભવનના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનું સફળ સંચાલન ડો . આર.બી. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું .

# સામાજીક સમભાવ માટે ડો. બાબાસાહેબ આંબેડકરનું ચિંતન અનિવાર્યઃ કુલપતિ ભીમાણી

## બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકર ચેર-સેન્ટર તથા ત્રણ કોલેજના કુલ ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો





**અબતક,રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સંચાલિત બાબાસાહેબ ડો.બી.આર. આંબેડકર ચેર - સેન્ટર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ડો. આંબેડકરજીના પરિનિર્વાણ દિવસ -૬ ડિસેમ્બર -૨૦૧૬ થી કાર્યરત છે . ચેર- સેન્ટર દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેવા કે , રાજ્યકક્ષાની ત્રિસ્તરીય નિબંધ લેખનસ્પર્ધા , વકતૃત્વ સ્પર્ધા , ડો.આંબેડકરજી પર સંશોધન કરતા . સંશોધકોને સ્પેશીયલ ફેલોશીપ એવોર્ડ , વિદ્વાન અધ્યાપકો અને સંશોધકોને સંશોધન એવોર્ડ , વિદ્વાન લેખકોને પુસ્તક પ્રકાશન માટે આર્થિક અનુદાન, રાષ્ટ્રિય કક્ષાના સેમિનારો, ડો . આંબેડકર મેમોરીયલ વ્યાખ્યાન શ્રેણી, ' સામાજિક સમતા સપ્તાહ'નું આયોજન , માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા યોજના , ભીમરત્ન એવોર્ડ , વર્ષ દરમ્યાન વિશેષ દિન ઉજવણી , વિશાળ લાઈબ્રેરી વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે તથા ડો . આંબેડકરના ચિંતન - દર્શનથી લોકો અવગત થાય તથા ભારતીય સંવિધાનમાં નાગરીકોની રાષ્ટ્ર પ્રત્યેની કઈ - કઈ ફરજો છે અને તેમને કેવા પ્રકારના અધિકારો પ્રાપ્ત છે . તેનાથી વિદ્યાર્થીઓ અવગત થાય અને વિદ્યાર્થી રાષ્ટ્રના નિર્માણના ઉત્તમ ઘડવૈયા બને તે માટે છ મહિનાના બે પ્રમાણપત્રીય અભ્યાસક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે . ( ૧ ) ડો . આંબેડકરજીનું જીવન અને દર્શન , ( ૨ ) ભારતીય બંધારણમાં માનવ અધિકારો અને ફરજો .

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિના અધ્યક્ષ સ્થાને ચેર - સેન્ટર દ્વારા ચાલતા પ્રમાણપત્રીય અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ યોજવામાં આવેલ. આ વર્ષથી ચેર - સેન્ટર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ , માતૃમંદિર કોલેજ તથા હરિવંદના કોલેજમાં બંને અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા . જેમા કુલ ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો .

કુલપતિશ્રીએ ચેર - સેન્ટરની કામગીરી અને કાર્યોને બિરદાવીને અભિનંદન આપ્યાં . આ ઉપરાંત માનનીય કુલપતિએ પોતાના વ્યકતવ્યમાં સામાજિક સમભાવ માટે આંબેડકરનું ચિંતન અનિવાર્ય છે . પ્રમાણપત્રીય અભ્યાસક્રમ એટલે ચેર - સેન્ટર દ્વારા સમયને અનુરૂપ પગલું , આ પ્રકારના પ્રકલ્પોથી સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય વિશ્વક્ષેત્રે પ્રસિદ્ધ છે . નવી શિક્ષણ નીતિ -૨૦૨૦ અન્વયે જુદા - જુદા અભ્યાસક્રમોમાં ડો . બી.આર. આંબેડકર અંગેના વિષયોને સ્થાન મળે તેવી લાગણી વ્યકત કરી . બાબાસાહેબ ડો.બી.આર.આંબેડકર ચેર - સેન્ટરના બે સર્ટિફિકેટ કોર્સના અંતે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર કુલસચિવ અને ચેરમેનની સહી સાથે એનાયત કરવામાં આવશે . આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા તે બદલ રાજીપો વ્યકત કર્યો અને અભ્યાસક્રમ શરૂ કરનાર કોલેજોને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી. આ ઉપરાંત ચેર - સેન્ટર દ્વારા ચાલતા પ્રકલ્પોને કુલપતિએ બિરદાવ્યા તેમજ ચેર - સેન્ટર દ્વારા અન્ય કોલેજોમાં પ્રમાણપત્રીય અભ્યાસક્રમો શરૂ કરાવવા બદલ કુલપતિએ ચેર - સેન્ટરના ચેરમેન સહિત સમગ્ર સ્ટાફને અભિનંદન આપ્યા .

(અનુ. આઠમા પાને)

